Navgujarat Samay

February 17, 2017
Pg.5

# GTU ઈનોવેશન-સ્ટાર્ટ અપ માટે પાંચ ઝોનલ સેન્ટર સ્થાપશે

## સામાજિક સમસ્યાઓ હલ કરવામાં ઉપયોગી 6 ઈનોવેટિવ પ્રોજેક્ટને એવોર્ડ

**» હાર્ડ વર્ક કરતા સ્માર્ટ વર્ક કરો તેનું ફળ વધુ મળે: મંત્રી રોહિત પટેલ**

**નવગુજરાત સમય** > અમદાવાદ

સામાજિક અને ટેકનિકલ સમસ્યાઓ હલ કરવામાં ઉપયોગી બનેલા વિદ્યાર્થીઓના 6 ઈનોવેટિવ પ્રોજેક્ટોને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) ઈનોવેશન કાઉન્સલએવોર્ડથીસન્માનિતકરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભણતરમાં નવતર પદ્ધતિઓ અપનાવનારા 46 પ્રાધ્યાપકો અને પ્રિન્સિપાલોને પણ પેડાગોજીક ઈનોવેશન એવોર્ડ (પીઆઈએ)થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈનોવેશન અને સ્ટાર્ટ અપ તેમજ સંકુલની કામગીરીને મજબૂત બનાવવા જીટીયુ તરફથી પાંચ ઝોનલ સેન્ટરો સ્થાપવામાં આવશે તેવી જાહેરાત પણ કુલપતિએ કરી હતી.

અમદાવાદના પર્યાવરણ મંદિર ખાતે યોજાયેલા છઠ્ઠા વાર્ષિક સંકુલ દિવસ નિમિત્તે આ એવોર્ડ એનાયત કરાયા હતા. જેમાં ગુજરાતના ઉદ્યોગ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન રોહિત પટેલે જણાવ્યું હતું કે, જીવનમાં ભણતર જેટલું જ ગણતરનું પણ મહત્ત્વ છે. તમે હાર્ડ વર્ક કરો તેના કરતા સ્માર્ટ વર્ક કરો તેના ફળ બહેતર મળે છે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ખાતાના અગ્ર સચિવ અંજુ શર્માએ જણાવ્યું હતું કે શિક્ષણનો મૂળ હેતુ વિચારોની બારી ખોલવાનો છે, બંધ કરવાનો નહિ. શીખવાની કોઈ ચોક્કસ વય હોતી નથી. પોતાની જાતને અપડેટ રાખવા સતત નવું નવું શીખતા રહો.

સમારોહમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. નવીન શેઠે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે ઉદ્યોગજગત અને શૈક્ષણિકજગત વચ્ચે સંબંધોનો સેતુ મજબૂત બને તેના માટે સૌપ્રથમ ઈનોવેશન કાર્ય શોધયાત્રાના માધ્યમથી અમદાવાદના નરોડા જીઆઈડીસી વિસ્તારથી શૈલેષ પટવારીના માર્ગદર્શનથી શરૂ થયું તેની યાદમાં દર વર્ષે 14મી ફેબ્રુઆરીએ જીટીયુ સંકુલ દિવસની ઉજવણી કરે છે. ઈનોવેશન અને સ્ટાર્ટ અપ તેમજ સંકુલની કામગીરીને મજબૂત બનાવવા જીટીયુ તરફથી પાંચ ઝોનલ સેન્ટરો સ્થાપવામાં આવશે.

### ક્યા ક્યા એવોર્ડ એનાયત

- ડૉ. યોગેશ રોટલીવાલા અને તેમની ટીમે સ્વચ્છ ભારત અભિયાનમાં ઉપયોગી પ્રોજેક્ટ માટે એવોર્ડ અપાયો છે. જેમાં પ્લાસ્ટિક અને બાયોમાસ કચરાના નિકાલની વ્યવસ્થાનો સમાવેશ થાય છે.
- મનન પટેલ અને અંજલિ જૈનની ટીમે બનાવેલા કૃષિ ઓજાર પ્રોજેક્ટને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજની ટીમે વિકસાવેલા પ્રોજેક્ટ સાહિત્ય સરીતા અંતર્ગત ડિજિટલ ઈન્ડિયા અને ખાદીને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.
- વિશ્વકર્મા કોલેજની ટીમે બનાવેલા કોમ્પ્યુટેલેન્ટને એવોર્ડ મળ્યો હતો. તેમાં બાળકો, ગૃહિણીઓ, ઉદ્યોગોના કર્મચારીઓ તથા વરિષ્ઠ નાગરિકોને કોમ્પ્યૂટર તાલીમ આપવાની યોજનાનો સમાવેશ થાય છે.
- એવોર્ડ મેળવનારા અન્ય બે પ્રોજેક્ટોમાં સરકારી સંસ્થાની દીવાલો પર સમાજને સંદેશ આપતા ચિત્રો બનાવવાના પ્રોજેક્ટ રંગ અમેઝી અને એનએસએસના જનજાગૃતિ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.